હુમલો કર્યો. અને એમાં તેઓ શત્રુંજયના ધ્યાનમાં મૃત્યુ પામ્યા. અહીંથી માણિભદ્રવીરની ઉત્પત્તિ થઈ. આ શાસનરક્ષક વીરને તેમણે સૌ પ્રથમ મગરવાડામાં સ્થાપન કર્યા; અને તપગચ્છ શાસનના રક્ષક બનાવ્યા.

સૂરિજીએ માળવા, મેવાડ, મરુધર, ગુર્જર, ખંભાત, સોરઠ, કન્હામ, દમણ, મેદપાટ વગેરે પ્રદેશોમાં વિચરી સદ્ધર્મની પ્રરૂપણા કરી તથા જેસલમેર, મંડોવર, પાટણ, રાધનપુર, અમદાવાદ, મહેસાણા, કાવી, ગંધાર, કપડવંજ, ઈડર, ખંભાત, સિરોહી, સાદડી, નાડલાઈ, નાગોટી વગેરે અંજનશલાકા–પ્રતિષ્ઠા સમ્પન્ન કરી. અનેક વાદિઓને હરાવ્યા. તેમ જ ૬૪ કુમતિઓનો પરાજય કરી ૬૪ જિનપ્રાસાદો ઉઘડાવ્યા. વિ. સં. ૧૫૮૭માં તીર્થાધિરાજ શત્રુંજય-ગિરિ પર પધારતાં, તેની જીર્ણ અવસ્થા નિહાળીને તે વખતે યાત્રા કરવા આવેલા ચિતોડગઢના રહેવાસી ઓસવાલ કુળના બાફણા કુટુંબના દોશી કર્માશાને ઉપદેશ આપ્યો અને તેમની પાસે છેલ્લો–સોળમો ઉદ્ધાર કરાવ્યો.

પૂજ્યશ્રીએ જીવનમાં અનેકવિધ તપશ્ચર્યા કરી હતી. ચૌદ વર્ષ સુધી છઠ્ઠને પારણે આયંબિલ તપની મહાન તપશ્ચર્યા કરી હતી. તેઓશ્રીની આજ્ઞા નીચે ૧૮૦૦ સાધુઓ વિચરતા હતા. તેમણે ૫૦૦ સાધુઓને દીક્ષિત કર્યા હતા. વિ. સં. ૧૫૯૬માં અમદાવાદ આવ્યા ત્યારે એમને આંતરપ્રતીતિ થઈ કે મારો અંતકાળ આવી ગયો છે; એટલે આનશન ધારણ કર્યું. નવમે ઉપવાસે ચૈત્ર સુદ સાતમના સુપ્રભાતે નિઝામપુરામાં સ્વર્ગવાસી થયા.

---

## સમ્રાટ અકબર બાદશાહ પ્રતિબોધક; તીર્થક્ષેત્રોમાં અસાધારણ પ્રદાન કરનાર; સમર્થ અને પ્રતાપી; શાસનપ્રભાવક; પરમ પ્રભાવી જગદ્ગુરુ

# આચાર્યશ્રી હીરવિજયસૂરિજી મહારાજ

આચાર્ય હીરવિજયસૂરિ તેમના સમયમાં જૈનશાસનના નભોમંડળમાં સૂર્ય સમાન તેજસ્વી હતા. તેઓશ્રી એક મહાન, સમર્થ, પ્રતાપી અને પરમ પ્રભાવી આચાર્યપ્રવર હતા. તેમનું જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપોબળ અગાધ હતું. તેમનું પ્રદાન, પ્રભુત્વ અને પ્રાબલ્ય અત્ર–તત્ર–સર્વત્ર હતું. જેમ કલિકાલસર્વજ્ઞ થી હેમચંદ્રસૂરિનું ગુર્જરનરેશ સિદ્ધરાજ અને કુમારપાળના શાસન-કાળમાં સાહિત્યક્ષેત્રે અસાધારણ પ્રદાન હતું, તેવું જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરિનું સમ્રાટ અકબર બાદશાહના મુગલકાળમાં તીર્થક્ષેત્રે અસાધારણ પ્રદાન હતું. અકબર બાદશાહે શત્રુંજય, ગિરનાર, તારંગા, આબુ, સમ્મેતશિખર અને રાજગૃહીના પાંચેય પર્વતો શ્રી હીરવિજયસૂરિને (અર્થાત્ જૈન શ્વેતાંબર સંઘને) અર્પણ કર્યા હતા. આ હકીકત શ્રી હીરવિજયસૂરિની વિરલ સિદ્ધિનાં દર્શન કરાવે છે. શ્રી હીરવિજયસૂરિ તપાગચ્છીય શ્રમણપરંપરામાં, શ્રી સુધર્માસ્વામીની પાટે આવેલા પટ્ટધરોમાં, ૫૮મી પાટે થયા હતા. તેમના ગુરુ શ્રી વિજયદાનસૂરિ હતા. ગુરુદેવે તેમને પોતાની પાટે તપાગચ્છના નાયકપદે સ્થાપ્યા હતા.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી હીરવિજયસૂરિનો જન્મ વિ. સં. ૧૫૮૩માં માગશર સુદિ ૯ ને દિવસે પ્રહ્લાદપુર (પાલનપુર)માં, ખીમસરા ગોત્રીય ઓશવાલ પરિવારમાં થયો હતો. પિતાનું નામ કુરાશાહ અને માતાનું નામ નાથીબાઈ હતું. તેમનું પોતાનું જન્મ નામ હીરજી હતું. હીરજીને સંઘજી, સુરજી અને શ્રીપાલ નામે ત્રણ ભાઈ તથા રંભા, રાણી અને વિમલા નામે ત્રણ બહેન હતાં. હીરજી સૌથી નાનો અને સૌને પ્રિય ભાઈ હતો. તેનો વાન ઊજળો અને ચહેરો તેજસ્વી હતો. તેની વાક્છટા અને ગ્રાહ્યશક્તિ કોઈ પણને મુગ્ધ કરાવે તેવી હતી. તેણે વ્યાવહારિક અભ્યાસ શાળામાં મેળવ્યો, જ્યારે ધાર્મિક અભ્યાસ સાધુમહારાજોના સંપર્કથી પ્રાપ્ત કર્યો. જિજ્ઞાસાવૃત્તિ અને જ્ઞાનરુચિના કારણે સાધુમહારાજોનો સંસર્ગ તેનો દિવસોદિવસ વધવા લાગ્યો. તે સાથે તેના આચાર–વિચાર–ઉચ્ચાર સર્વ ધર્મપરાયણ બનવા લાગ્યા. હીરજીની ઉંમર બાર વર્ષની થઈ હશે ત્યાં થોડા થોડા અંતરે માતાપિતા સ્વર્ગવાસી થયા. ઘર માથેથી છત્ર છીનવાઈ ગયું. બહેનો બધી સાસરે હતી. હીરજી સૌથી નાનો એટલે સૌને તેની ચિંતા વધુ થતી. પાટણ રહેતી બે બહેનો—રાણી અને વિમલા—ભાઈ હીરજીને પોતાની પાસે રહેવા માટે તેડી ગઈ.

પાટણમાં એ સમયે ક્રિયોદ્ધારક શ્રી આનંદવિમલસૂરિના પટ્ટધર શ્રી વિજયદાનસૂરિ બિરાજતા હતા. માતાપિતાના સ્વર્ગવાસનો આઘાત હીરજી માટે વિરક્તભાવમાં પરિણમ્યો હતો. ધર્મની નજીક હોય તેને આવો બોધ થવો સુલભ હતો. હીરજી રોજ ગુરુવંદન અને વ્યાખ્યાન-શ્રવણ નિમિત્તે ઉપાશ્રયે જવા લાગ્યો. શ્રી વિજયદાનસૂરિની વૈરાગ્યરસ ઝરતી વાણી સાંભળી તેનો વૈરાગ્યભાવ પ્રદીપ્ત થયો અને તેણે દીક્ષા લેવાનો નિર્ધાર કરી, એ નિર્ણયની જાણ બહેનોને કરી. મા વિનાના હીરજી પર બહેનોનો સ્નેહરાગ પ્રબળ હતો; પણ હીરજીના દૃઢ નિશ્ચય અને સમજ આગળ એ સ્નેહરાગ છૂટી ગયો. વિ. સં. ૧૫૯૬માં કાર્તિક વદિ બીજને દિવસે ૧૩ વર્ષની વયે, શ્રી વિજયદાનસૂરિના હસ્તે હીરજીએ દીક્ષા અંગીકાર કરી. શ્રી વિજયદાનસૂરિએ તેનું નામ મુનિ હીરહર્ષ રાખી પોતાના શિષ્ય ઉદ્‌ઘોષિત કર્યા.

મુનિ હીરહર્ષજી તીવ્ર પ્રજ્ઞા અને જ્ઞાનરુચિના કારણે થોડા જ સમયમાં વ્યાકરણ, સાહિત્ય, સિદ્ધાંત વગેરેમાં પારંગત બની ગયા. પછી ગુરુએ તેને ન્યાયશાસ્ત્રના અભ્યાસ માટે નિપુણ એવા પંડિત પાસે દેવગિરિ (દોલતાબાદ) મોકલ્યા. ત્યાં પણ થોડા સમયમાં જ 'ચિંતામણિ' વગેરે ન્યાયના કઠિનમાં કઠિન ગ્રંથોનો અભ્યાસ કર્યો અને પાછા આવ્યા. ગુરુએ તેમની શક્તિ અને યોગ્યતા જોઈ તેમને વિ. સં. ૧૬૦૭માં નાડલાઈ (મારવાડ)માં પંન્યાસપદ અને વિ. સં. ૧૬૧૦માં. સિરોહીમાં, આચાર્યપદ આપી શ્રી હીરવિજયસૂરિ નામે જાહેર કર્યા. આ નિમિત્તે ચાંગા મહેતાએ મહોત્સવ ઊજવી સારો એવો લ્હાવો લીધો.

ત્યાર બાદ ગુરુદેવ સાથે આચાર્ય હીરવિજયસૂરિ સિરોહીથી વિહાર કરી પાટણ પધાર્યા. ત્યાં તેમનો પાટોત્સવ કરવામાં આવ્યો. આ પ્રસંગે સૂબા શેરખાનના મંત્રી સમરથ ભણસાલીએ લક્ષ્મીનો ઘણો જ સદ્‌વ્યય કર્યો. ત્યાર બાદ સં. ૧૬૧૫ થી ૧૬૨૦ દરમિયાન બંને આચાર્યોના સાન્નિધ્યે શત્રુંજય તીર્થાદિ અનેક સ્થાનોમાં નવનિર્મિત જિનમંદિરો, દેરીઓમાં તેમ જ જીર્ણોદ્ધાર પામેલા જિનપ્રાસાદોમાં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ તથા યાત્રાસંઘો વગેરે કાર્યો સમ્પન્ન થયાં. વિ. સં.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૬૨૨માં વૈશાખ સુદિ બારસના દિવસે પાટણ પાસેના વડલી ગામે ગુરુશ્રી વિજયદાનસૂરિનો સ્વર્ગવાસ થતાં ગચ્છની સર્વ જવાબદારી તેમના ઉપર આવી પડી.

આ સમયમાં ભારતમાં અને તેમાંયે ગુજરાતમાં અરાજકતાનું સામ્રાજ્ય વ્યાપી ગયું હતું. સૂબાઓ સ્વતંત્ર જેવા બની ગયા હતા અને બેમર્યાદ વર્તી રહ્યા હતા. પ્રજા અને સંત–સજ્જનો પણ હેરાન–પરેશાન બન્યા હતા. તેમાં શ્રી હીરવિજયસૂરિને પણ કેટલાક કષ્ટદાયી પ્રસંગોમાંથી પસાર થવું પડયું હતું. એવી એવી ઘટનાઓ બની હતી કે જેમાં દ્વેષી, ઇર્ષાળુ અને સ્વાર્થી વ્યક્તિઓએ ગુજરાતના સૂબા અને હાકેમોને ભરમાવીને, તેમના દ્વારા શ્રી હીરવિજયસૂરિને પકડી લાવવા હુકમો કઢાવી, સૂરિજીને બબ્બે વખત ત્રણ ત્રણ મહિના સુધી ગુપ્તપણે રહેવા વિવશ કર્યા હતા. જ્યારે આ આપત્તિના સમયે આગ્રાના ભાનુમલ અને કલ્યાણમલે અકબર બાદશાહ પાસે બીજું ફરમાન કઢાવીને, વડાવલીના શ્રેષ્ઠિ તોલા ધામીએ ગુપ્તપણે રાખીને, અમદાવાદના શ્રેષ્ઠિ કુંવરજી મહેતાએ સૂબાને સમજાવીને, અમદાવાદ–ઝવેરીવાડમાં રાઘવ નામના ગંધર્વ અને શ્રેષ્ઠિ સોમે છોડાવીને તેમ જ લોંકાના દેવજી વગેરે પણ સહાયભૂત થયા હતા.

આ કષ્ટદાયક ઘટનાઓ બન્યા બાદ થોડા જ સમયમાં એક ઇષ્ટદાયક ઘટના બની, જે આચાર્ય હીરવિજયસૂરિ અને સમ્રાટ અકબરના મિલનની હતી. વાત એવી બની કે, અકબર બાદશાહના મહેલ પાસેથી એક વરઘોડો નીકળ્યો. ચંપાબાઈ નામની શ્રાવિકાએ છ મહિનાના ઉપવાસ ધારણ કર્યા તે નિમિત્તનો આ વરઘોડો હતો. અકબર બાદશાહને આ વાતની જાણ થતાં તેને ખૂબ આશ્ચર્ય થયું. તેના મનમાં આ વાત કેમેય ન બેસી. તેણે મંગલ ચૌધરી અને કમરૂખાનને આ અંગે તપાસ કરવા કહ્યું. બંનેએ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ઝીણવટપૂર્વક તપાસ કરી. બાદશાહ અકબરને આ વાત સત્ય હોવાનું જણાવી વધુમાં કહ્યું કે, "આ બધો પ્રતાપ તેમના ગુરુ હીરવિજયસૂરિનો છે એમ ચંપા શ્રાવિકા કહે છે." આ હકીકત જાણીને બાદશાહને શ્રી હીરવિજયસૂરિના દર્શન કરવાની ભાવના જાગી. આ ઘટનાની એક વિગત એવી પણ છે કે, અકબર બાદશાહે આ વાતની ખાતરી ચંપાબાઈને એક મહિનો મહેલમાં રાખીને કરી હતી. એ પછી કેટલાક દિવસે શ્રાવિકા ચંપાબાઈને ૬ માસના ઉપવાસ પૂર્ણ થતાં, તે નિમિત્તે નીકળેલા વરઘોડાને જોઈ અકબર બાદશાહે શ્રાવિકા ચંપાબાઈને મહેલે નિમંત્રી એમના મુખે શ્રી હીરવિજયસૂરિના પ્રભાવની વાત જાણી. સૂરિજીના દર્શન કરવાની ઉત્કંઠા થવાથી બાદશાહે તુરત ભાનુમલ અને કલ્યાણમલ નામના શ્રાવકોને બોલાવીને કહ્યું કે, "તમે શ્રી હીરવિજયસૂરિને અહીં પધારવા માટે વિનંતિપત્ર લખો. હું પણ એક જુદો પત્ર લખું છું."

શ્રાવકોએ સૂરિજી પર પત્ર લખ્યો અને બાદશાહ અકબરે ગુજરાતના સૂબા સાહિબખાન ઉપર પત્ર રવાના કર્યો, અને તેમાં ભારે આગતાસ્વાગતાપૂર્વક સૂરિજીને મોકલવા ફરમાન કર્યું.

બાદશાહ અકબરનો આ પત્ર જોઈ સૂબો સાહિબખાન પણ સ્તબ્ધ થઈ ગયો! પૂર્વે પોતે કરેલા ઉપદ્રવો યાદ આવ્યા, ને તેનો પસ્તાવો પણ થયો. પછી અમદાવાદના જાણીતા ગૃહસ્થોને બોલાવીને બાદશાહ અકબરનું ફરમાન વાંચી સંભળાવ્યું. શ્રી હીરવિજયસૂરિ આ સમયે ગાંધાર બિરાજતા હતા. સૂબાએ શ્રાવકો દ્વારા ત્યાં આ વાત પહોંચાડી. આગ્રાના શ્રાવકોનો પણ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પત્ર હતો. સૂરિજી ગાંધારથી વિહાર કરી અમદાવાદ પધાર્યા. નગર-પ્રવેશ ખૂબ ઠાઠથી થયો. સૂબા સાહિબખાને પણ સૂરિજીને નિમંત્રી પોતાના પૂર્વકૃત કૃત્ય બદલ માફી માંગી અને મણિ, રત્ન, સુવર્ણ તેમ જ પાલખી, છડીદાર વગેરે ભેટ ધરી, તે સ્વીકારવા પ્રાર્થના કરી. સૂરિજીએ ત્યાગ-ધર્મની સમજ આપી તેનો અસ્વીકાર કરતાં સૂબા પર તેનો ઊંડો પ્રભાવ પડ્યો. શ્રી હીરવિજય-સૂરિ અમદાવાદથી પાટણ પધાર્યા. અહીંથી ઉપાધ્યાય વિમલહર્ષ આદિ પાંત્રીશ સાધુમહારાજોએ આગળ વિહાર કર્યો અને શ્રી હીરવિજયસૂરિ આદિ પછીથી નીકળ્યા. ઉપાધ્યાય આદિ પહેલાં ફત્તેહપુર સીક્રી પહોંચી ગયા અને બાદશાહ અકબરની ગુરુદેવના દર્શનની તીવ્ર ભાવના જાણી હર્ષિત બન્યા. સૂરિજી આદિ ફતેહપુર સીક્રીથી ૧૪–૧૫ માઇલ દૂર અભિરામાબાદ આવી પહોંચ્યા. ત્યાંથી ભાનુમલ અને કલ્યાણમલે બાદશાહી બંદોબસ્ત સાથે અપૂર્વ ઠાઠથી સૂરિજીનો ફત્તેહપુર સીક્રીમાં પ્રવેશ કરાવ્યો. આ સમયે શ્રી હીરવિજયસૂરિ પોતાના ૬૭ મુનિવરો સાથે અહીં પહોંચ્યા.

વિ. સં. ૧૬૩૯ના જેઠ વદ ૧૨ના શ્રી હીરવિજયસૂરિનો ફતેહપુર સીક્રીમાં પ્રવેશ થયો અને વદ ૧૩ના સમ્રાટ અકબર બાદશાહ સાથે રાજભવનમાં પહેલવહેલો મેળાપ થયો. આ પ્રસંગ જૈનધર્મની અહિંસાની સૂક્ષ્મ માન્યતાને ચરિતાર્થ કરનારો પણ બન્યો. હતો.

સૂરિજીના આગમન સમયે અકબર બાદશાહે સન્મુખ આવી સ્વાગત કર્યું અને વિનય-પૂર્વક કુશળ-મંગળના સમાચાર પૂછ્યા. મહેલમાં આગળ ચાલતાં એક પ્રવેશદ્વાર આગળ સૂરિજી અટકી ગયા. ત્યાં આગળ ગાલીચો બીછાવેલ હતો. સૂરિજીને અટકી ગયેલા જોઈ સમ્રાટે તેનું કારણ પૂછ્યું, એટલે સૂરિજીએ ગાલીચા તરફ અંગુલિનિર્દેશ કરી જણાવ્યું કે, “ગાલીચા પર ચાલવાથી હિંસા થાય. અમારાથી ગાલીચા પર પગ મૂકી ન શકાય.” સમ્રાટે આશ્ચર્ય પામી કહ્યું, “ગાલીચો તદ્દન સ્વચ્છ છે અને તેના પર જીવજંતુ પણ નથી, તો આપને ગાલીચા પર ચાલવામાં શી હરકત છે?” સૂરિજીએ સાધુ ધર્મનો આચાર જણાવતાં કહ્યું કે — “અમારો આચાર છે કે **दृष्टिपूतम् न्यसेत् पादम्**—અર્થાત્ જ્યાં ચાલવું અગર બેસવું હોય ત્યાં દૃષ્ટિથી જમીન જોઈ લેવી જોઈએ.” સૂરિજીના આ કથનથી સમ્રાટને મનમાં હસવું આવ્યું અને ગાલીચામાં ક્યાંયે જીવજંતુ નથી તે વાતની પ્રતીતિ કરાવવા ગાલીચાનો એક છેડો ઊંચો કરાવ્યો. તેની નીચે કીડીઓનો ઢગ નીકળ્યો! આ જોઈ સમ્રાટ અકબર દંગ થઈ ગયો અને સૂરિજી પ્રત્યેનો તેનો ભક્તિભાવ વધુ દૃઢ બન્યો. પછી ગાલીચો લેવરાવી; સમ્રાટે સૂરિજીને યોગ્ય આસને બેસાડ્યા. સૂરિજીએ બાદશાહને ઉપદેશ આપી શુદ્ધ દેવ–ગુરુ–ધર્મનું સ્વરૂપ સમજાવ્યું. ત્યાર બાદ સમ્રાટે પૂર્વે પદ્મસુંદર ગણિ નામના યતિએ આપેલાં પુસ્તકો વગેરેનો ભંડાર બતાવી, તે સ્વીકારવા સૂરિજીને વિનંતિ કરી. સૂરિજીએ પરિગ્રહ આદિ કારણે તે નહીં સ્વીકારતાં, સમ્રાટને સૂરિજીની નિઃસ્પૃહતા માટે ઘણું ઘણું માન ઊપજ્યું; પરંતુ સમ્રાટના અતિ આગ્રહથી છેવટે આગ્રામાં એક જ્ઞાનભંડાર બનાવી, તેમાં એ પુસ્તકો રાખવા સ્વીકાર કર્યો. આમ, શ્રી હીરવિજયસૂરિના આ પ્રથમ મેળાપમાં જ અકબર બાદશાહ ઉપર ઊંડી છાપ પડી હતી અને તે ખૂબ પ્રભાવિત થયો હતો.

શ્રી હીરવિજયસૂરિ વિ. સં. ૧૬૩૯ના જેઠ વદિ ૧૩ ના ફત્તેહપુર સીક્રી પધાર્યા અને આ પ્રદેશમાં લગભગ ચાર વર્ષ સુધી વિચરી બાદશાહ અકબર, તેના પરિવાર અને રાજ્યાધિકારી

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ગણને ધર્મોપદેશ આપ્યો. પછી તેઓ ગુજરાત પધાર્યા ત્યારે અહીંનાં લોકો, બાદશાહ, શાહી પરિવાર, અમીરો વગેરેને ધર્મોપદેશ દેવા માટે મહો૦ શાંતિચંદ્ર ગણિ, મહો૦ ભાનુચંદ્ર ગણિ વગેરે વિદ્વાન મુનિવરોને બાદશાહ પાસે રાખ્યા હતા અને ગુજરાત પહોંચ્યા બાદ પોતાના પટ્ટધર શ્રી વિજયસેનસૂરિ તથા મહો૦ સિદ્ધિચંદ્ર ગણિ વગેરેને પણ બાદશાહ પાસે મોકલ્યા હતા. મહો૦ ભાનુચંદ્ર ગણિ અને મહો૦ સિદ્ધિચંદ્ર ગણિ બાદશાહના દરબારમાં લગભગ ૨૩ વર્ષ સુધી રહ્યા હતા. બાદશાહ અકબરે શ્રી હીરવિજયસૂરિ અને તેમના શિષ્યો–પ્રશિષ્યો વગેરેના ઉપદેશથી હિંસાત્યાગના, અમારિ પ્રવર્તાવવાનાં, જૈનોની ધર્મભાવના અને તીર્થભક્તિને જાળવવાનાં તેમ જ લોકહિતનાં અનેકવિધ કાર્યો કર્યાં હતાં, જેમાં કેટલાંક નીચેની વિગતે છે:—

(૧) બાદશાહ અકબર શ્રી હીરવિજયસૂરિનો ભક્ત બન્યો, જૈન ધર્મનો પ્રેમી બન્યો અને હિન્દુધર્મ પ્રત્યે આકર્ષાયો. (૨) બાદશાહ અકબરે શ્રી હીરવિજયસૂરિને મોટો ગ્રંથભંડાર અર્પણ કર્યો. (૩) મારવા માટે બાંધી રાખેલાં પશુ–પક્ષીઓને છોડી મૂક્યાં અને કેદીઓને પણ છૂટા કર્યા. (૪) ડાબર તળાવનો શિકાર બંધ કરાવ્યો અને માછલાં પકડવાની જાળો બંધ કરાવી. (૫) બાદશાહ અકબર હંમેશાં ૫૦૦ ચકલાંની જીભોનો કલેવો કરતો હતો, તેણે તે ખાવાનો ત્યાગ કર્યો. (૬) બાદશાહે નિર્વંશિયાનું ધન લેવાનું બંધ કર્યું. (૭) બાદશાહે જજિયાવેરો (યાત્રા–કર) માફ કર્યો. (૮) આગ્રા, ફત્તેહપુર સીક્રી, લાહોર, બુરહાનપુર અને માલપુર વગેરે સ્થળોમાં નવાં જિનાલયો અને ઉપાશ્રયો બનાવવાની રજા આપી. (૯) અહિંસા (અમારિ)નું ફરમાન : પર્યુષણાના દિવસોમાં કોઈ પણ સ્થાને કોઈ પણ પશુપક્ષીની જીવહિંસા કરવાની મનાઈ ફરમાવી. આ હુકમ હંમેશને માટે છે એમ જણાવી, આ રીતનું ફરમાન કાઢી પોતાના જુદા જુદા પાંચ પ્રદેશોમાં અને એક શ્રી હીરવિજયસૂરિને ફત્તેહપુર સિક્રીમાં વિ. સં. ૧૬૪૦ના આપ્યું હતું.

(૧૦) જૈન ધર્મગુરુઓ અને ધર્મસ્થાનોની રક્ષાનું ફરમાન : યોગાભ્યાસ કરનારાઓમાં શ્રેષ્ઠ હીરવિજયસૂરિ સેવડા (જૈન સાધુ) અને તેમના ધર્મને પાળનારા, કે જેમણે અમારી હજૂરમાં હાજર થવાનું માન મેળવ્યું છે; અને જેઓ અમારા દરબારના ખરા હિતેચ્છુઓ છે, તેમના યોગાભ્યાસનું ખરાપણું, વધારો અને પરમેશ્વરની શોધ ઉપર નજર રાખી હુકમ થયો કે તે શહેરના (તે તરફના) રહેવાસીઓમાંથી કોઈએ એમને હરકત (અડચણ) કરવા નહિ, તેમ તેમને તુચ્છકારવા પણ નહિ. વળી, જો તેમાંનું (મંદિરો કે ઉપાશ્રયોનું) કંઈ પડી ગયું હોય કે ઉજ્જડ થઈ ગયું હોય, અને તેને માનનારા, ચાહનારા કે ખેરાત કરનારાઓમાંથી કોઈ તેને સુધારવા કે તેનો પાયો નાખવા ઇચ્છે તો તેને કોઈ ઉપલક જ્ઞાનવાળા (અજ્ઞાની)એ કે ધર્માન્ધે અટકાવ કરવો નહિ. અને જેવી રીતે ખુદાને નહિ ઓળખનારા, વરસાદનો અટકાવ અને એવાં બીજાં કાર્યો, જે ઈશ્વરના અધિકારનાં છે, તેનો આરોપ, મૂર્ખાઈ અને બેવકૂફીને લીધે જાદુનાં કામ જાણી, તે બિચારા ખુદાને ઓળખનારા ઉપર મૂકે છે અને તેમને અનેક પ્રકારનાં કષ્ટો આપે છે, એવાં કામો તમારા રક્ષણ અને બંદોબસ્તમાં છે કે જે તમે સારા નસીબવાળા અને બાહોશ છો, તેમના હાથે થવાં જોઈએ નહિ...તેમ તેઓ પોતાની ભક્તિની ક્રિયાઓ કરવામાં ચિંતાતુર

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

થાય નહિ અને ઇશ્વરભક્તિમાં ઉત્સાહ રાખે. એ જ ફરજ જાણી એથી વિરુદ્ધની દખલ થવા દેવી નહિ. આ રીતનું ફરમાન વિ. સં. ૧૬૪૭ના કાઢવામાં આવ્યું હતું.

(૧૧) જૈનતીર્થો અર્પણ કર્યાનું ફરમાન : શ્વેતાંબર જૈનાચાર્ય હીરવિજયસૂરિ તથા તેમના શિષ્યો જે પવિત્ર મનવાળા સાધુપુરુષો છે તેમના દર્શનથી મને, અકબર બાદશાહને ઘણો આનંદ થયો છે. તેમની, શ્રી હીરવિજયસૂરિની માંગણી મુજબ અમે સિદ્ધાચલ ( શત્રુંજય ), ગિરનાર, તારંગા, કેસરિયાનાથજી, આબુ, સમેતશિખરજી અને રાજગૃહીની પાંચ પહાડીઓ તથા અમારી સલ્તનતમાં ગમે ત્યાં હોય એવા તેમ જ તે પર્વતોની નીચે આવેલાં દેવસ્થાનો અને દર્શનસ્થળો તેમને ( અર્થાત્ જૈન શ્વેતાંબર સંઘને ) આપીએ છીએ અને તે તે સ્થળોની આસપાસ કે તેમની ઉપર-નીચે કોઈએ કોઈ જાતની જીવહિંસા કરવી નહિ. આ ફરમાન આજે પણ અમદાવાદમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પાસે મૌજૂદ છે.

(૧૨) લગભગ છ માસ અહિંસા પાળવાનું ફરમાન : અકબર બાદશાહે આ ફરમાન મુજબ શ્રાવણ વદિ ૧૦ થી ભાદરવા સુદિ ૬ના ૧૨ દિવસો, બાર સૌર મહિનાઓના પહેલા ૧૨ દિવસો, સાલ ભરના ૪૮ રવિવારો, સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણના દિવસો, ઇસ્લામી ૭મા રજબ મહિનાના દરેક ચાર સોમવારો, સૌર મહિનાના સર્વ તહેવારો, ઈરાની ફરવરદીન મહિનાના સર્વ ૩૦ દિવસો, બાદશાહના જન્મ મહિનાના બધા દિવસો, શાઆબાન મહિનાના ૩૦ દિવસો, સોફિયાન મહિનાના ૩૦ દિવસો, મિહિર મહિનાના ૩૦ દિવસો, નવરોજનો ૧ દિવસ, રોજા ઈદ કે બકરી ઈદનો ૧ દિવસ – એમ વર્ષભરના લગભગ છ મહિના શિકાર અને માંસાહાર પર પ્રતિબંધ મૂકયો હતો. (૧૩) બાદશાહ અકબરે વિ. સં. ૧૬૪૦માં ફત્તેહપુર સીક્રીમાં બાદશાહી દરબારમાં આચાર્ય હીરવિજયસૂરિને 'જગદ્ગુરુ' તરીકે ઓળખાવ્યા હતા. (૧૪) બાદશાહ અકબરે પોતાની ધર્મસભાના ૧૪૦ જ્ઞાની પુરુષોનાં નામ લખાવ્યાં હતાં, તેમાં પહેલા વર્ગમાં સોળમાં જ્ઞાની શ્રી હીરવિજયસૂરિ લખાવ્યા હતા. આમ, બાદશાહ અકબર ઉપર શ્રી હીરવિજયસૂરિનો પ્રભાવ કેવો અપૂર્વ હતો તે ઉપરોક્ત બાબતોથી સ્પષ્ટ જાણી શકાય છે.

વિક્રમની પંદરમી અને સોળમી સદીમાં અન્ય કોમની ધર્માન્ધતાથી હિન્દુ અને જૈનોનાં અનેક મંદિરો તથા પ્રતિમાઓ ખંડિત થયાં હતાં. આ ક્ષતિને યથાશક્ય પહોંચી વળવા શ્રી વિજયદાનસૂરિ અને શ્રી હીરવિજયસૂરિના ઉપદેશથી અનેક તીર્થો અને જિનાલયોના જીર્ણોદ્ધાર થયા હતા; નવા જિનાલયો બન્યાં હતાં; અને તેઓના હસ્તે ઘણી જિનપ્રતિમાઓની અંજનશલાકા ને પ્રતિષ્ઠા થઈ હતી. શ્રી વિજયલક્ષ્મીસૂરિના એક સ્તવનના ઉલ્લેખ મુજબ શ્રી વિજયદાનસૂરિએ અઢી લાખ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી. આ બંને આચાર્યોની તેમ જ શ્રી હીરવિજયસૂરિની પ્રેરણાથી તથા સાંનિધ્યમાં પ્રતિષ્ઠા, યાત્રાસંઘો વગેરે જે ધર્મકાર્યો થયાં તે નીચેની વિગતે છે :

અમદાવાદના સુલતાનના મંત્રી ગલરાજ મહેતાએ શત્રુંજય-તીર્થનો છ મહિના સુધી મુક્તાઘાટ કરાવ્યો, એટલે કે રાજ્ય તરફના લાગા, મુંડકાવેરો, જકાત, વેઠ વગેરે બંધ કરાવ્યાં;



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

તેમ જ શત્રુંજય તીર્થનો યાત્રાસંઘ કાઢ્યો ને ત્યાં દેવકુલિકામાં પ્રભુપ્રતિષ્ઠા કરાવી. અમદાવાદના શ્રીમાલી કુંવરજી સોનીએ શત્રુંજયનો યાત્રાસંઘ અને મુખ્ય ટૂકમાં જમણી બાજુએ બંધાવેલ મોટા જિનપ્રાસાદમાં અનેક જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. ગાંધારના શેઠ વર્ધમાન અને તેના પુત્ર રામજી ગંધારિયાએ પણ શત્રુંજયની યાત્રાસંઘનો અને ચૌમુખ જિનાલયમાં પ્રતિષ્ઠાનો તેમ જ તળાજા, ગિરનાર આદિ તીર્થોના જીર્ણોદ્ધાર આદિનો સારો લાભ લીધો. અમદાવાદના શ્રીમાલી રાજપાલ અને શ્રેષ્ઠિ મૂલાશાહ તથા ગંધારના સમરિયા, જીવંત, વડ્યા, સીપા વગેરે પોરવાલોએ કરણ, હંસરાજ, પંચાણ, તેજપાલ વગેરે દોશી પરિવારોએ અને પરીખ, મુથા આદિ પરિવારોએ શત્રુંજય તીર્થે જિનપ્રાસાદો કે દેવકુલિકાઓ બંધાવી અને તેમાં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી. વિ. સં. ૧૬૪૦માં ફત્તેહપુર સીક્રીમાં શેઠ થાનમલના જિનમંદિરની અને આગ્રામાં શેઠ ભાનુમલ અને કલ્યાણમલના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનપ્રાસાદની સૂરિજીએ પ્રતિષ્ઠા કરી. ખંભાતમાં સંઘવી ઉદયકરણે પોતે બંધાવેલા ભગવાન ચંદ્રપ્રભ જિનાલયની પ્રતિષ્ઠા, મારવાડ–મેવાડનાં તીર્થોના યાત્રાસંઘ અને ખંભાતના ઉક્ત જિનાલયે શ્રી હીરવિજયસૂરિની ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરાવી. સંઘવી નાનુના પુત્રે દુર્લભશલ્યે શ્રી હીરવિજયસૂરિના ઉપદેશથી કેટલાંક જિનાલયોના જીર્ણોદ્ધાર, જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા તથા યાત્રાસંઘો વગેરેનો સુંદર લાભ લીધો હતો. દીવ બંદરના શેઠ મેઘજી અને તેમનાં ધર્મપત્ની લાડકીબાઈએ દીવમાં મોટો જિનપ્રાસાદ બંધાવી પ્રતિષ્ઠા કરાવી; ઉનામાં શ્રી હીરવિજયસૂરિનાં પગલાં ને સ્તૂપની તથા શત્રુંજય તીર્થમાં પણ ગુરુપગલાંની પ્રતિષ્ઠા કરાવી. શ્રી શત્રુંજય તીર્થના મુખ્ય સોળ ઉદ્ધારો સિવાય નાના ઉદ્ધારો તો પાર વગરના થયા છે. છેલ્લો સોળમો ઉદ્ધાર વિ. સં. ૧૫૮૭માં કર્માશાહે કર્યો; પરંતુ બહુ જ પ્રાચીનતાને લીધે થોડા જ સમયમાં એ મૂળ મંદિર જીર્ણપ્રાય જેવું અને જર્જરિત થઈ ગયેલું દેખાતાં ખંભાતના તેજપાલ સોનીએ મૂળ મંદિરનો બરાબર જીર્ણોદ્ધાર થાય તો કેવું સારું ? એમ વિચારી શ્રી હીરવિજયસૂરિના ઉપદેશથી જીર્ણોદ્ધાર કરાવી, મંદિર તદ્દન નવા જેવું તૈયાર કરાવ્યું. વિ. સં. ૧૬૫૦માં શ્રી હીરવિજયસૂરિ સંઘસહિત પાલીતાણા પધાર્યા. સાથે બીજા ૭૨ સંઘ હતા. પ્રતિષ્ઠાના આ પ્રસંગની ઉજવણી અભૂતપૂર્વ બની હતી.

આચાર્ય હીરવિજયસૂરિના હાથે જિનાલયો અને જિનપ્રતિમાઓની જેમ શ્રમણોની વૃદ્ધિ અને ઉન્નતિનું પણ નોંધપાત્ર કાર્ય થયું હતું. સૂરિજીના પટ્ટધર શ્રી વિજયસેનસૂરિ તથા મહો૦ શ્રી શાંતિચંદ્રગણિ, મહો૦ ભાનુચંદ્ર ગણિ, મહો૦ સિદ્ધચંદ્રગણિ આદિ શિષ્યોએ પણ બાદશાહ અકબર અને જહાંગીર પાસે અમારિ અને તીર્થરક્ષણ વગેરેનાં ફરમાનો મેળવી જિનશાસનની અપૂર્વ પ્રભાવના પ્રસરાવી હતી. લોંકાગચ્છના શ્રી મેઘજી સ્વામી આદિ ૧૮ યતિઓએ (શ્રીપૂજોએ) શ્રી હીરવિજયસૂરિ પાસે સંવેગી દીક્ષા સ્વીકારી હતી. સૂરિજીએ સ્વહસ્તે ૧૬૦ શિષ્યોને દીક્ષા આપી હતી. તેઓશ્રી લગભગ ૨૦૦૦ સાધુઓ અને ૩૦૦૦ સાધ્વીઓના નાયક હતા.

વિ. સં. ૧૬૫૧માં ઉનામાં શ્રી હીરવિજયસૂરિએ ચાતુર્માસ કર્યું. અહીં સૂરિજીનું સ્વાસ્થ્ય નરમ પડતાં વિ. સં. ૧૬૫૨નું ચાતુર્માસ પણ ઉનામાં જ કર્યું; અને ત્યાં જ ભાદરવા સુદિ ૧૧ના દિવસે સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી હીરવિજયસૂરિના હસ્તે અપૂર્વ શાસનપ્રભાવના થઈ હતી, તેમ કેટલીક ગ્રંથરચના પણ થઈ હતી. જેવી કે, શાંતિનાથ રાસ, દ્વાદશજિનવિચાર, મૃગાવતીચરિત્ર, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ ટીકા, અંતરીક્ષ પાર્શ્વનાથ સ્તવ વગેરે.

વિક્રમની સોળમી અને સત્તરમી સદીમાં શ્રી હીરવિજયસૂરિ થઈ ગયા; પણ તેમનાં શાસનપ્રભાવનાનાં કાર્યો એટલાં ઉન્નત અને ઉજ્જ્વળ હતાં કે એમના પછીનો યુગ 'હીરયુગ'થી પ્રસિદ્ધિ પામ્યો છે.

## અકબર બાદશાહ દ્વારા 'યુગપ્રધાન' બિરુદ પ્રાપ્ત કરનારા અને જીવદયા પ્રવર્તાવનારા ચતુર્થ દાદા

# આચાર્યશ્રી જિનચંદ્રસૂરિજી મહારાજ

શ્રી જૈન શ્વેતામ્બર ખરતરગચ્છની શ્રમણપરંપરામાં આચાર્ય જિનચંદ્રસૂરિ ઘણા થયા છે, તેમાં આ જિનચંદ્રસૂરિ 'ચતુર્થ દાદા' તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે. તેમના ગુરુ શ્રી જિનમાણિક્યસૂરિ હતા.

શ્રી જિનચંદ્રસૂરિનો જન્મ વિ. સં. ૧૫૯૫માં, ખેતસરમાં, ઓશવાલ વંશના રીહડ ગોત્રમાં થયો હતો. તેમના પિતાનું નામ શ્રી બન્તશાહ અને માતાનું નામ શ્રિયાદેવી હતું. તેમનું પોતાનું નામ સુલતાનકુમાર હતું. બાળપણમાં જ ધર્મના ઉચ્ચ સંસ્કાર પામી, માત્ર ૯ વર્ષની વયે, વિ. સં. ૧૬૦૪માં દીક્ષા ગ્રહણ કરી મુનિ સુમતિધીર નામ ધારણ કર્યું હતું. ગુરુ શ્રી જિનમાણિક્યસૂરિ વિ. સં. ૧૬૧૨માં સ્વર્ગવાસ પામતાં મુનિ સુમતિધીર આદિ જેસલમેર પધાર્યા હતા અને ત્યાં પૂજ્યશ્રી ગુણપ્રભસૂરિની સંમતિથી તેમને આચાર્યપદ આપી, આચાર્ય જિનચંદ્રસૂરિ નામ રાખી, ગુરુદેવની પાટે સ્થાપવામાં આવ્યા હતા.

આચાર્ય જિનચંદ્રસૂરિએ તે સમયે સ્વગચ્છમાં ઘણો શિથિલાચાર જોતાં વિ. સં. ૧૬૧૪માં, બિકાનેરમાં ક્રિયોદ્ધાર કર્યો હતો. શ્રી જિનચંદ્રસૂરિએ વિ. સં. ૧૬૨૮નું ચાતુર્માસ આગ્રામાં કર્યું હતું અને શેષકાળમાં કેટલોક સમય આજુબાજુમાં વિહાર કર્યો હતો. એ દરમિયાન સારી એવી ધર્મપ્રભાવના થતાં છેક અકબર બાદશાહ સુધી તેમના નામનો પ્રભાવ પ્રસર્યો. એક દિવસ લાહોરની રાજસભામાં અકબર બાદશાહે શ્રી જિનચંદ્રસૂરિના દર્શન માટે પૃચ્છા કરતાં મંત્રી કર્મચંદે નિમંત્રણ પાઠવ્યું. વિ. સં. ૧૬૪૮માં શ્રી જિનચંદ્રસૂરિ લાહોર પધાર્યા. તેમનાં પ્રવચનોથી પ્રભાવિત થઈ બાદશાહ અકબરે તેમને 'યુગપ્રધાન'નું બિરુદ આપ્યું, તેમ જ તીર્થરક્ષાનું અને પ્રતિવર્ષ ચોમાસી અટ્ઠાઈના દિવસોમાં 'અમારિ'નું ફરમાન કાઢ્યું હતું, તથા ખંભાતના દરિયામાં માછીમારોની જાળ પર પ્રતિબંધ મૂક્યો હતો.

શ્રી જિનચંદ્રસૂરિના હસ્તે ઘણી પ્રતિષ્ઠાઓ, દીક્ષાઓ અને અન્ય અનેક ધર્મકાર્યો સમ્પન્ન થયાં હતાં. વિ. સં. ૧૬૭૦માં, બિલાડા (મારવાડ) ગામે શ્રી જિનચંદ્રસૂરિ સ્વર્ગવાસ પામ્યા હતા.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org